# મનપા તંત્રને કડક તાકીદ | જર્જરિત ઈમારતો સામે તાત્કાલિક કાર્યવાહી કરો: ઇનચાર્જ કમિશનર



**મનપાની** કેટલી ઇમારતો જર્જરતી છે? તેની પણ માહિતી મંગાવી : નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા દુર કરવા સૌરભ પારધીની ટકોર

સુરત : શહેરમાં પાલી ગામ હોનારતમાં સાત - સાત નિર્દોષ નાગરિકોનાં મોતને પગલે સુરત પાલિકા દ્વારા તમામ ઝોન વિસ્તારોમાં આવેલી જર્જરિત ઈમારતો વિરૂદ્ધ સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ આજરોજ ઈન્ચાર્જ મ્યુનિ. કમિશનર સૌરભ પારઘી દ્વારા જિલ્લા કલેકટર કચેરી ખાતે તમામ ઝોનના વડા અને પાલિકાના વિભાગીય વડાઓ સાથે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જર્જરિત મિલકતોના સર્વેથી માંડીને પ્રિ-મોન્સુન કામગીરીની સમીક્ષા કરવાની સાથે - સાથે જરૂરી દિશા - નિર્દેશ આપવામાં આવ્યા હતા. ઉપરાંત મનપાની કેટલી મિલકતો જર્જરીત છે તેની માહીતી મંગાવી અને તેને રીપેરકરવા માટે તાકીદે વ્યવસ્થા કરવા પણ સુચના આપી છે.

જિલ્લા કલેકટર કચેરી ખાતે આજરોજ ઈન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનર સૌરભ પારઘી દ્વારા સુરત મહાનગર પાલિકાના તમામ ઝોનના વડા, વિભાગીય વડા અને કાર્યપાલક ઈજનેરો સાથે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હાલમાં જ સચિનના પાલીગામે જર્જરિત ઈમારત ધરાશાયી થવાની ઘટનામાં સાત નાગરિકોનાં મોતને પગલે શહેરભરમાં આવેલી જર્જરિત ઈમારતોના સર્વેથી માંડીને સિલીંગની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવા માટેની સૂચના આપવામાં આવી હતી. આ સિવાય હાલમાં ચોમાસાની સિઝનને ધ્યાને રાખીને જે - તે સ્થળે ભુવાઓ પડવાની ઘટનામાં તાત્કાલિક તેનું રિપેરીંગ હાથ ધરવા, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા સર્જાતી હોવાની ફરિયાદો નો તાત્કાલિક નિકાલ કરવા તથા વધુમાં ભારે પવન સાથે વરસાદના આગમનને પગલે શહેરમાં ઠેકઠેકાણે વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓમાં પણ તાત્કાલિક ધોરણે વૃક્ષોનો કાટમાળ દુર કરવા અંગે પણ જણાવવામાં આવ્યું હતું.

### હજુ જર્જરીત ૨૩૯ મિલકતોમાં જીવનું જોખમ, સૌથી વધુ જર્જરીત મિલકત રાંદેરમાં

ઇન્ચાર્જ કમિશનર પારઘીએ લીધેલી રીવ્યુ મીટીંગમાં મનપાના તંત્ર દ્વારા શહેરની જર્જરીત મિલકતોના આંકડા પણ રજૂ કર્યા હતા. જેમાં સુરતમાં ૮૦૩ મિલકતો બિસ્માર હાલતમાં હોવાનું નોંધાયું હતું. જે પૈકી ૭૮ મિલકતોમાં રીપેરીંગ કામ ચાલુ હોવાનું, ૪૮૬ મિલકતો ઉતારી પાડી હોવાની વિગતો આપવામાં આવી હતી. જોકે, હજું પણ ૨૩૯ મિલકતો ભયજનક હાલતમાં ઊભી હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. આ મિલકતો પાલિકાની નોટીસ બાદ પણ ઉતારી પા ડવામાં આવી નથી અથવા તો તેનું રિપેરીંગ કરાયું નથી. વિવિધ ઝોન પૈકી ઉધના ઝોનમાં સૌથી વધારે ૧૭૨ મિલકતો ભયજનક હાલતમાં ઊભી હોવાનું નોંધાયું છે. જ્યારે રાંદેરમાં ૨૧, કતારગામમાં ૧૪, લિંબાયતમાં ૧૫, સેન્ટ્રલ ઝોનમાં ૫, ઉધનામાં ૪, અઠવામાં ૭, વરાછા-એ ઝોનમાં ૧ મિલકતો ભયજનક હોવાનું નોંધાયું છે.



## આખરે માનદરવાજા ટેનામેન્ટના રહેવાસીઓ ઢીલા પડયા : 40 પરિવારોનું સ્વૈચ્છિક સ્થળાંતર

સુરત : રિંગરોડ પર આવેલ અને વર્ષોથી જર્જરિત થઈ ચૂકેલા માન દરવાજા ટેનામેન્ટમાં ભારે વિવાદ અને વિરોધ વચ્ચે ગતરોજ વહેલી સવારથી લિંબાયત ઝોન દ્વારા ગટર અને ડ્રેનેજના કનેકશન કાપવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. દરમિયાન મનપા દ્વારા કરાયેલા સર્વેમાં માનદરવાજા ટેનામેન્ટમાં હાલ જે લોકો રહે છે તે 922 ફ્લેટ પૈકી 291 ફ્લેટમાં ભાડુઆતો હોય મનપા દ્વારા ભાડુઆતોને પણ જીવના જોખમે રહેવાને બદલે અન્ય જગ્યાએ જવા પ્રેર્યા હતા. દરમિયાન મનપા દ્વારા આકરા પગલાં લેવામાં આવતા આખરે રહીશોમાં પણ હવે ફફડાટ ફેલાયો છે. આજે સવારથી સાંજ સુધીમાં માનદરવાજા ટેનામેન્ટમાં વસવાટ કરતા 40 જેટલા પરિવારોએ સ્વૈચ્છિક સ્થળાંતર કર્યું હતું. જેના કારણે હવે આગામી દિવસોમાં અન્ય પરિવારો પણ સ્થળાંતર કરે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે.

### વિપક્ષ નેતા પાયલ સાકરીયા માન દરવાજા ટેનામેન્ટ પહોંચ્યા, આપવિતી કહેતા મહિલાઓ રડી પડી

માન દરવાજા ટેનામેન્ટ ખાલી કરાવવાની કાર્યવાહી હાથ ધરતા ત્યાંનાં રહીશોની માંગણીઓ બાબતે ત્યાંના સ્થાનિકોએ વિપક્ષ નેતા પાયલ સાકરીયાનો સંપર્ક સાધતા તેઓએ રૂબરૂ લોકોની મુલાકાત લીધી અને તેમની રજૂઆતો સાંભળી હતી. મહિલાઓ રજુઆત કરતા કરતા રડી પડી અને તેમનું કોઈ સાંભળતું ન હોવાની રાવ કરી હતી. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, ટેનામેન્ટના લોકોની માંગણી છે કે જ્યાં સુધી રી-ડેવલપમેન્ટ ન થાય ત્યાં સુધી તેમને માસિક ભાડું પુરુ પાડવામાં આવે અથવા તો રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે. પાયલ સાકરીયાએ તેમની રજૂઆતો સાંભળી અને વિપક્ષ તરીકે તેમના વતી રજુઆત કરવા ખાતરી આપી હતી.

## ઉધનામાં જર્જરિત ઝૈનબ મંઝિલ-દીનદયાળ એપા.નાં પાણી-ગટર જોડાણ કાપી નાંખ્યા

**અસરગ્રસ્તોએ** ઝોન ઓફિસ પર મોરચો લાવી હોબાળો મચાવ્યો

સુરત : મનપાના ઉધના ઝોનની ટી.પી.સ્કીમ નં.૦૧(ઉધના-મજુરા), ફા.પ્લોટ નં.૫૨, પ્લોટ નં.૭૧ થી ૭૩, ખાતે જૈનબ મંઝિલ નામનું રહેણાંક એપાર્ટમેન્ટ આવેલું છે. ચાર માળનું આ એપાર્ટમેન્ટની જાળવણી યોગ્ય રીતે કરવામાં આવી ન હોય એપાર્ટમેન્ટ જર્જરીત થઇ ગયું હતું. જેને પગલે મનપાના ઉધના ઝોન દ્વારા ૧૫ નવેમ્બર ૨૦૧૮ના રોજ નોટીસ આપવામાં આવી હતી. ત્યારબાદ ૪ જુલાઇ ૨૦૨૨ના રોજ ફરી નોટીસ આપી વસવાટ ખાલી કરવા મનપા દ્વારા જણાવવામાં આવ્યું હતું. બે દિવસ પુર્વે એપાર્ટમેન્ટના પ્લાસ્ટરમાંથી પોપડા પડવાની ઘટના પણ બનવા પામી હતી. જેને પગલે આજે ઝોન દ્વારા એપાર્ટમેન્ટના ૧૦ ફ્લેટને સીલ મારી દેવા સાથે પાણી અને ડ્રેનેજનું કનેક્શન સીલ કરી દેવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉધના ઝોનના હરીનગર વિસ્તારની ટી.પી.સ્કીમ નં.૦૧(ઉધના-મજુરા), ફા.પ્લોટ નં.૫૨, પ્લોટ નં.૭૮ થી ૮૪માં દિનદયાળ એપાર્ટમેન્ટ આવેલું છે. એપાર્ટમેન્ટ રહેવા લાયક ન હોય ઝોન દ્વારા ૧૫ નવેમ્બર ૨૦૧૮ના રોજ નોટીસ ફટકારી એપાર્ટમેન્ટનું રીપેરીંગ કરવા જણાવવામાં આવ્યું હતું. તેમ છતાં રહીશો દ્વારા એપાર્ટમેન્ટની મરામત કરવામાં આવી ન હોય મનપા ઉધના ઝોન દ્વારા ૨૩ જુલાઇ ૨૦૨૨ના રોજ વસવાટ ખાલી કરવાની નોટીસ આપવામાં આવી હતી. વારંવાર નોટીસ આપતા છતાં રહીશોએ જર્જરીત રહેણાંક મિલકત ખાલી નહીં કરતા આજે એક ફ્લેટને સીલ મારી દેવામાં આવ્યું હતું. આ સાથે પાણી અને ડ્રેનેજ કનેકશન કાપી નાંખવામાં આવ્યું હતું. જોકે આ કાર્યવાહી બાદ બન્ને એપાર્ટમેન્ટના રહીશો ઝોન પર મોરચો લાવ્યા હતા અને ચોમાસામાં કયાં રહેવા જઇએ તેવો સવાલ કયો હતો, જોકે અધિકારીઓએ જીવના જોખમે લોકોને રહેવા દેવા બાબતે ઇન્કાર કરી દીધો હતો.

**રાતોરાત પાલિકા તંત્ર ભાનમાં આવ્યું**

## રાંદેર સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષના કનેક્શન કાપી, ગામતળનું રઝા અને સૂર્યકિરણ એપાર્ટમેન્ટ સીલ કર્યું

**પાલનપોર** જકાતનાકા પાસે મંગલદીપમાં હોબાળો થતા ટીમ પાછી ફરી

સુરત : રાંદેર ઝોનમાં ટી.પી 8(પાલનપુર) સ્થિત સ્વામિનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. એચ બિસ્માર હોવાથી ખાલી કરવા વારંવાર નોટીસ આપી હોવા છતાં વસવાટ ખાલી ન કરતાં આજરોજ ગ્રાઉન્ડ ફ્લોર+4 માળનાં બિલ્ડિંગમાં 50 ફ્લેટના અંદાજે 250 જેટલા રહેવાસીઓ ધરાવતી બિલ્ડિંગના પાણી અને ડ્રેનેજના જોડાણ કાપી નાંખી લાઇટ તથા ગેસના કનેકશનો દૂર કરવા સંબંધિત દક્ષિણ ગુજરાત વીજ કંપની તથા ગુજરાત ગેસ કંપનીને જાણ કરવામાં આવી છે. ઉપરાંત રાંદેર ગામતળના રઝા એપાર્ટમેન્ટમાં ચાર માસ પહેલા છજ્જાનો આંશિક ભાગ પડી ગયો હતો. મનપા દ્વારા નોટીસ પાઠવી ફ્લેટ હોલ્ડરોને વસવાટ ખાલી કરવા સુચના અપાઇ હતી જો કે આમ છતાં વસવાટ ચાલુ હોવાથી આ ચાર માળની 19 ફ્લેટસને સીલ કરી સમગ્ર બિલ્ડીંગને સીલ કરાઇ હતી. જયારે અડાજણ(ગામતળ), નોંધ નં.૧૪/૧, સૂર્યકિરણ એપાર્ટમેન્ટમાં પણ અગાઉ મિલ્કતના જર્જરીત ભાગ પડતા વસવાટ બંધ કરવાની નોટિસ પાઠવાઇ હતી પરંતુ તનો અમલ ન થતા આજે ૬૭ ફલેટો સીલ કરી દેવાયા હતા. આ ઉપરાંત પાલનપુર જકાતનાકા પાસે આવેલ મંગલદીપ સોસાયટીમાં પાલિકાની ટીમ કાર્યવાહી કરવા પહોંચી હતી પરંતુ ભારે હોબાળો થતા આજે કામગીરી બાકી રહી હતી.

### લિંબાયતમાં સુવિધા હિન્દી વિદ્યાલય સીલ કરાયું

લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ સુવિદ્યા હિન્દી વિદ્યાલયને પાલિકા દ્વારા સીલ કરી દેવામાં આવી છે. આ સ્કૂલ છેલ્લા ઘણા સમયથી જર્જરીત થઈ ગઈ હોવાથી પાલિકા દ્વારા તેને નોટિસ આપવામાં આવી હતી પરંતુ પાલિકાની નોટિસનો અનાદર કર્યો હતો. આ ઉપરાંત જર્જરીત સ્કૂલ બિલ્ડીંગના કેમ્પસમાં પાંચથી સાત ખોલી બનાવવામાં આવી હતી. આ ખોલીઓ પણ જર્જરિત થઇ ગઈ હતી. જેના કારણે પાલિકા દ્વારા સ્કૂલની સાથે તમામ ખોલીઓને પણ સીલ કરી દેવામાં આવી છે.

## ઝાંપાબજારમાં બે માળનું બંધ મકાન ધરાશાયી

**2023માં** મકાન ઉતારી લેવા નોટિસ આપેલી

સુરતઃ કોટ વિસ્તારના ઝાંપાબજાર ખાતે આવેલું એક બે માળનું મકાન આજે સાંજે જમીનદોસ્ત થઈ જતાં ભારે અફરાતફરી મચી હતી. બીજી તરફ બનાવની જાણ થતાની સાથે જ મુગલીસરા, નવસારી બજાર અને ઘાંચી શેરીનો ફાયર કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.m ઝાંપાબજાર ચાર રસ્તા ખાતે 4-3933 નંબરનું બે માળનુ મકાન મંગળવારે સાંજે 6:30 કલાકે પડી ગયું હતું. ફાયર ઓફિસર રાજેશ દેશમુખે જણાવ્યું હતું કે મકાન છેલ્લા ઘણાં સમયથી બંધ અવસ્થામાં હતું અને તેમાં કોઈ રહેતું પણ ન હતું. બે માળનું મકાન આખે આખું પડી જતા તેનો મોટા ભાગનો કાટમાળ રસ્તા ઉપર આવી ગયો હતો. ઝાંપાબજારનો આ વિસ્તાર કાયમ ચહેલ પહેલ ભર્યો રહેતો હોવાને કારણે પહેલા ફાયરની ટીમે રસ્તાઓ ચારે બાજુથી કોર્ડન કરીને ટ્રાફીકને રોકી દીધો હતો. વધુમાં તંત્ર દ્વારા વર્ષ-2023માં મકાન ઉતારી પાડવાની નોટિસ આપવા છતાં તેને ઉતારી પાડવાની કોઈ કામગીરી કરાઈ ન હતી.

### સુડોકુ ૭૦૬૦ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૭ | | | ૫ | ૬ |
| ૬ | | | | ૨ | ૧ | | ૮ | ૯ |
| ૯ | ૭ | | | ૩ | ૫ | | ૧ | |
| | ૨ | ૭ | ૫ | ૧ | ૮ | ૬ | | |
| ૧ | | | ૭ | | ૨ | ૫ | | ૮ |
| ૮ | ૪ | ૫ | ૯ | ૬ | ૩ | ૨ | | ૧ |
| | ૩ | | ૧ | ૮ | ૭ | ૯ | | |
| ૫ | ૮ | ૬ | | | | | | |
| | | ૧ | ૨ | ૫ | | ૮ | ૪ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

ઉકેલ સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૨ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૬ |
| ૬ | ૫ | ૩ | ૪ | ૨ | ૧ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૮ | ૬ | ૩ | ૫ | ૪ | ૧ | ૨ |
| ૩ | ૨ | ૭ | ૫ | ૧ | ૮ | ૬ | ૯ | ૪ |
| ૧ | ૬ | ૯ | ૭ | ૪ | ૨ | ૫ | ૩ | ૮ |
| ૮ | ૪ | ૫ | ૯ | ૬ | ૩ | ૨ | ૭ | ૧ |
| ૨ | ૩ | ૪ | ૧ | ૮ | ૭ | ૯ | ૬ | ૫ |
| ૫ | ૮ | ૬ | ૩ | ૯ | ૪ | ૧ | ૨ | ૭ |
| ૭ | ૯ | ૧ | ૨ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ |

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**કૃમિ**

બાળકને રોજ સવાર સાંજ એક એક અખરોટ ખવડાવવી. બાળકો ચાવવામાં આળસ કરે તેથી બારીક પીસી થોડી સાકર ભેળવી ખાવા આપવું. ચાર કલાકમાં ઝાડો ન થાય તો એક ચમચી દિવેલ પાવું.

## કેવી રીતે કર્મચારીઓ કામ કરે? મચ્છરના બ્રીડિંગ બદલ દંડ કર્યો, તો કોર્પો.મનીષા મહાત્મા અકળાયા

**કોટ** વિસ્તારના મહિલા કોર્પોરેટરના સસરાના ઘરના બાંધકામ સ્થળે મચ્છરો મળ્યાં હતાં

**કોર્પોરેટરે** એસએસઆઇ પર ઉધ્ધત વર્તનનો આરોપ મૂકી મેયરને ફરિયાદ કરતા મેયરે શો-કોઝ નોટિસની સૂચના આપતાં કર્મચારીઓમાં કચવાટ

સુરત : સુરત મનપાના નગરસેવકો દ્વારા અધિકારીઓ પર ધોંસ જમાવવાની વાત કોઈ નવી નથી. ભુતકાળમાં ઉધના અને લિંબાયત, કતારગામ વગેરે વિસ્તારમાં નગરસેવકો દ્વારા અધિકારીઓ સાથે તું-તું મૈં-મૈં કરી રાજકીય પાવર બતાવ્યાના કિસ્સા બન્યા હતા. ત્યારે હવે કોટ વિસ્તારમાં એક મહિલા કોર્પોરેટરના સબંધીના ઘરમાંથી મચ્છરોના બ્રિડીંગ મળતા એસએસઆઈએ દંડ કર્યો હોય મહિલા સભ્યએ આ કર્મચારીને આડે હાથ લીધા બાદ મેયરને ગેરવર્તનની ફરિયાદ કરી હતી. જેથી મેયર દક્ષેશ માવાણીએ આ એસએસઆઈને શો કોઝ નોટીસ આપવા સુચના આપી હોવાનું મનપાના સુત્રોમાં ચર્ચાઇ રહયું છે. જોકે આ ઘટનાથી ફિલ્ડમાં જઈ કામ કરતા કર્મચારીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

કોટ વિસ્તારમાં ભાજપના મહિલા સભ્ય મનીષા મહાત્માના સબંધિને ત્યાં આરોગ્યલક્ષી સર્વે મટે ગયેલા વીબીસીડીના એક એસએસઆઈને મચ્છરોના બ્રિડીંગ મળતા તેણે 2000 રૂપીયાનો દંડ કર્યો હતો.

દરમિયાન મહિલા સભ્યએ એસએસઆઈ સાથે ટેલીફોનિક વાત કરી હતી. પરંતુ દંડની રસીદ ફાટી ગઈ હોવાથી કંઇ થઈ શકે તેન ના હોય એસએસઆઈ દ્વારા નિયમ મુજબ કાર્યવાહીની વાત કરી હતી. જોકે ત્યારબાદ મહિલા સભ્યએ મેયરને ફરિયાદ પણ કરી હતી કે આ એસએસઆઈ ગેરવર્તન કરે છે. તેથી મેયરે પણ પુરતી તપાસ વગર એસએસઆઈને શો કોઝ નોટીસ ફટકારવા સુચના આપી દીધી હોય, મનપાના કર્મચારીઓમાં કચવાટ ફેલાયો હતો.

## આજનું પંચાંગ

**તા. 10/07/2024, બુધવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** અષાઢ
**તિથિઃ** સુદઃ ચોથ:07:53, પછી પાંચમ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ:19
**નક્ષત્ર :** મઘા:10:15 પછી પૂ.ફા. **યોગઃ** વ્યતિપાત
**કરણ :** બવ **રાશિ :** સિંહ (મ,ટ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:05
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:53
**પારસી વર્ષ :** 1393, બહમન માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, રમજાન માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ,
**રાહુ કાળ :** બપોરેઃ 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.):** અટકેલાં કામ થાય. આર્થિક બાબતે ચોક્કસ નિર્ણય લેવાય નવાં રોકાણ લાભકારક રહે.

**વૃષભ (બ.વ.ઉ.):** ઘરમાં ધાર્મિક વાતાવરણ અને સતસંગનો લાભ મળે. ઉચ્ચ કક્ષાના લોકોનો સહકાર મળે.

**મિથુન (ક.છ.ઘ.):** વાહન ચલાવવામાં અને મશીનરી સાથે કામ કરવામાં સાવધાની રાખવી. સ્ત્રીઓએ ઘરકામમાં સાવધાન રહેવું.

**કર્ક (ડ.હ.):** તમારી વાણી તમારા કામની ગતિ અને દિવસની શુભાશુભ પર અસર કરશે. માટે વિચારપૂર્વક બોલવું.

**સિંહ (મ.ટ.):** હરીફો પર વિજય મળે. હરીફાઇમાં તક મળે. વાદવિવાદથી બચવું. રાજકીય સહકારનો અનુભવ થાય.

**કન્યા (પ.ઠ.ણ.):** દેવાની ચિંતા હળવી થાય. બેંકના કામ થાય સંપતિ બાબતે અનુકૂળતાથી સોદા પાર પડશે.

**તુલા (ર.ત.):** બૌદ્ધિક કામ સફળ થાય. શુભ પ્રસંગમાં ભાગ લેવાનું બંને. સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે..

**વૃશ્ચિક (ન.ય.):** આવક વધવાથી બચતની યોજના બને. નોકરી-ધંધા બાબતે જવાબદારી વધશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** વિવાદથી અશાંતિ થાય. અચાનક પ્રવાસ થાય. વિદેશનાં કામ પાર પડે. શુભ સમાચાર મળે.

**મકર (ખ.જ.):** સમયસર કામ ન થવાથી માનસિક અશાંતિ વધે. આરોગ્ય નરમ રહે. બિન-જરૂરી ખર્ચા વધશે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** મિત્રો સંબંધીઓની મુલાકાત સામાજિક મેળાવડામાં થાય. વિવાહ લાયકના વિવાહની વાત આવે.

**મીન (દ.ચ.ઝ.થ.):** આંખ દાંત વગેરેનું ધ્યાન રાખવું. ખાવા-પીવા પર કાબૂ રાખવો. શત્રુઓ પરેશાન કરે.

### કોઇ પણ સાલમાં 10 જુલાઇએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય પસાર થાય. નોકરી-ધંધામાં ચડતી પડતી રહે. નવી ટેકનોલોજી અને સરકારની નવી નીતિ પ્રમાણે કામ કરવું પડે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. વર્ષ દરમિયાન સામાજિક કામ અને કૌટુંબિક સમસ્યાઓ સતાવશે. વારસો, જમીન, જાયદાદ જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોનાં કામની દોડધામ અને ખર્ચા સતાવે. વડીલો-મિત્રોની મદદ થાય. ધંધા-રોજગારમાં મળે વર્ષની શરૂઆતમાં વાહન, મકાન, ઘર બાબતે પ્રગતિ થાય. ઉંમર લાયકના વિવાહની વાત ચાલે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. વર્ષ દરમિયાન આર્થિક બાબતે વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. જુલાઇ-ઓગસ્ટમાં નવી યોજના પાર પડશે. નવેમ્બર-ડિસેમ્બરમાં માનસિક અશાંતિ વધશે.

### શબ્દગુંફન - ૬૭૧૨

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. ચાલાક, બુદ્ધિશાળી (૪)
૫. ખૂબ વિશાળ (૩)
૭. પૃથ્વીને વીંટળાઇ રહેલું વાયુનું આવરણ (૫)
૯. ઉદાસ, ખિન્ન (૪)
૧૦. થાક ખાવો તે (૩)
૧૨. દેવા પેટે આડમાં મૂકેલું (૩)
૧૫. નસ, વલણ (૨)
૧૮. વેરી, શત્રુ (૩)
૧૯. સહાયક (૫)
૨૪. બધે રખડયા કરનાર (૫)
૨૬. સફરજન જેવું એક ફળ (૪)
૨૮. વાક્ય, આદેશ (૩)
૩૦. બદલો, વટાવ (૪)
૩૨. મંદ સ્મિત (૪)

**ઊભી ચાવી**

૨. શિક્ષા, સલાહ (૪)
૩. વિદાયગીરી (૪)
૪. હોડી, વહાણ (૨)
૫. ઈશારો, સૂચન (૪)
૬. સ્થિર નજર (૨)
૮. સૂરજ (૨)
૧૧. સફેદ નાજુક સુગંધવાળા ફૂલ (૩)
૧૩. ઝરૂખો (૩)
૧૪. ભાઈ (૨)
૧૬. શ્વાસ (૨)
૧૭. કેફ, અભિમાન (૨)
૨૦. કિંમત, મૂલ્ય (૨)
૨૧. રસ વિનાનું (૩)
૨૨. એક ફળ (૪)
૨૩. ઓછી શક્તિવાળું (૪)
૨૪. ચણોઠીભાર વજન (૨)
૨૫. જવાળામુખીમાંથી નીકળતો ગરમ રસ (૨)
૨૬. સૂંઘવાનો અવયવ (૨)
૨૭. ઝાંઝર (૩)
૨૯. મૃત્યુના દેવ (૨)
૩૦. ટેક, આબરૂ (૨)
૩૧. એક તેલી બી (૨)

ઉકેલ શબ્દગુંફન

**ભેસ્તાનમાં એક અઠવાડિયામાં બે હત્યાના બનાવો બન્યા**

## પરિણીતાના પ્રેમીએ મિત્ર સાથે મળી લાકડાના ફટકા મારી પતિની હત્યા કરી નાંખી

**પોતાન** જ મિત્રના પત્ની સાથે સંબંધો હોવાની જાણ થતાં પતિ રાહુલ પાટીલે મિત્ર પ્રશાંતને ઠપકો આપતાં, પ્રશાંતે તેના મિત્ર સાથે મળી લાકડાના ફટકા મારી રાહુલને પતાવી દીધો

સુરતઃ ભેસ્તાન એક સપ્તાહમાં અનૈતિક સબંધોની શંકામાં 2 હત્યાના બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બનાવા પામ્યો હતો. હજુ મહિલાની હત્યા કરી ડ્રમમાં નાંખી દેનાર પતિને પકડવાના 48 કલાકમાં બીજી હત્યાની ઘટના બની હતી. પ્રેમ સબંધની અદાવતમાં બે મિત્રોએ ભેગા મળી મિત્રની લાકડાના ફટકા વડે જીવલેણ હુમલો કરી હત્યા કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે ગણતરીના કલાકોમાં બન્ને મિત્રોની ધરપકડ કરી જેલ હવાલે મોકલી આપ્યા હતા.

રાહુલ દિલીપ પાટીલ(ઉ.33, રહે., નવરોતમ નગર ડીંડોલી,મૂળ રહે. મહારાષ્ટ્ર) જે ગત રોજ સાંજે તેના મિત્ર પ્રશાંત હિરામન શિંદે ( રહે.શ્રીનાથ સોસાયટી, લિંબાયત) અને પ્રદીપ કૈલાશ પાટીલ(રહે.,નંદુડોશીની વાડી,કતારગામ) સાથે ભાણોદ્રા વિસ્તારમાં ભેગા થયા હતા. ત્યારે પ્રશાંત અને પ્રદીપ મળીને રાહુલ સાથે ઝગડો કરવા લાગ્યા હતા. પ્રશાંતે પ્રદીપ સાથે મળી રાહુલને લાકડાના ફટકા મારી હત્યા કરી નાંખી હતી. બાદમાં પોલીસે ધરપકડ કરી પૂછપરછ કરી હતી. પ્રશાંતને રાહુલની પત્ની શીતલ સાથે ઘણા સમયથીપ્રેમ સબંધ હતા. પત્ની સાથે પ્રશાંતને પ્રેમ સબંધ હોવાની જાણ રાહુલને થતાં તેમની વચ્ચે ઘણી વખત ઝગડાઓ થતાં હતાં .જેથીપ્રશાંતે અને પ્રદીપ મળી રાહુલની હત્યા કરી હતી. રાહુલને હાલમાં કોઈ પુત્ર નથી અને રાહુલ કાપડ માર્કેટમાં કામ કરતો હતો. ભેસ્તાન પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી પ્રશાંત અને પ્રદીપની ધરપકડ કરી હતી.